# સાબરકાંઠામાં ધનતેરસે ૧૦ કરોડથી વધુનું સોનુ-ચાંદી વેચાયા

હિંમતનગર, તા. ૫

વર્ષો અગાઉ જ્યારે લોકો આવક કરતા બચત કરવામાં વધુ માનતા હતા તે પ્રથા આજે પણ સચવાઈ રહી છે. અને પુષ્ય નક્ષત્ર તથા ધનતેરસના દિવસે લોકો સોનુ-ચાંદી ખરીદે છે. ત્યારે સોમવારે ધનતેરસ નિમિત્તે સાબરકાંઠા જિલ્લામાં અંદાજે રૂ. ૧૦ કરોડથી વધુનું સોનુ અને ચાંદી વેચાઈ હતી. દિવસ દરમ્યાન હિંમતનગર સહીત જિલ્લાના વિવિધ સ્થળે સોમવારે આખો દિવસ જ્વેલર્સના શો રૂમમાં ભીડ રહેવા પામી હતી.

વર્ષોથી કોઈપણ શુભકાર્ય માટે ધનતેરસનો દિવસ સારો માનવામાં આવે છે. ત્યારે નવુ વાહન કે સોના ચાંદીની ખરીદી કરવાનો આગ્રહ રાખે છે. સોમવારે ધનતેરસ હોવાને કારણે હિંમતનગર સહીત જિલ્લાના વિવિધ સ્થળે આવેલા જ્વેલર્સના શો રૂમમાં જઈને મહીલાઓ તથા શ્રીમંત અને મધ્યમ પરીવારના લોકોએ સોના ચાંદીની ખરીદી કરી હતી. જે અંગે હિંમતનગરના વેપારી ભદ્રેશભાઈ સોનીના કહેવા



મુજબ ધનતેરસના દિવસો ખરીદનાર વર્ગ ખાસ કરીને સોના ચાંદીના તૈયાર દાગીના તથા સોનાની અને ચાંદીની લગડી ખરીદવાનો આગ્રહ રાખ્યો હતો.

ધનતેરસના દિવસે સોનાના એક તોલાનો ભાવ અંદાજે રૂ. ૩૧૦૨૦ની આસપાસ તથા ચાંદીનો પ્રતિ કિલોનો ભાવ રૂ. ૩૯ હજારની આસપાસ રહેવા પામ્યો હતો. દિવસ દરમ્યાન આંતરરાષ્ટ્રીય બિલીયન બજારમાં માંગ અને પુરવઠાને ધ્યાને લેવાતા સોના ચાંદીના ભાવમાં વધઘટ ચાલુ રહી હતી. એક અંદાજ મુજબ સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર સહીત જિલ્લાના વિવિધ સ્થળે આવેલા જ્વેલર્સના શો રૂમોમાંથી અંદાજે ૧૦ કરોડથી વધુનુ સોનુ અને ચાંદી વેચાઈ હોવાનું મનાય છે.

બીજી તરફ ધનતેરસના દિવસે જિલ્લામાં અનેક સ્થળે લોકોએ દ્વીચક્રી અને ચાર પૈડાના વાહનોની ખરીદી કરીને તેને શુભ ચોઘડીયામાં ઘરે લઈ જઈને કંકુ ચોખાથી વધાવીને અડોશપડોશમાં રહેતા સ્નેહીજનોને મો મીઠુ કરાવ્યુ હતુ. આ અંગે આ વ્યવસાય સાથે જ સંકળાયેલા નલીનભાઈ પટેલનુ કહેવુ છે કે ધનતેરસના દિવસે જિલ્લામાં અંદાજે ૨૦૦થી વધુ દ્વીચકી તથા ૭૦ ચાર પૈડાના વાહન વેચાયા હતા. જો કે તેના માટે ખરીદનારાઓએ અગાઉથી વાહનની મનપસંદ કરી બુકિંગ કરાવી દીધુ હતુ.

# મોડાસામાં ધનતેરસના શુભ દિવસે સોના-ચાંદીની ધૂમ ખરીદી કરી શહેરીજનોએ મૂહુર્ત સાચવ્યું

મોડાસા, તા. ૫

દિવાળી પહેલા આવતી ધનતેરસના દિવસે સોનું ખરીદવાથી લાભ થાય થતો હોવાની સાથે હિન્દુ ધર્મ મુજબ સોનાની ખરીદી કરવાથી સમૃદ્ધિ પ્રાપ્ત થતી હોવાની માન્યતાના પગલે પૈસાદાર, તવંગરથી લઈને ગરીબ પરિવાર પણ તેમની ક્ષમતા મુજબ સોના-ચાંદીની ખરીદી કરતા હોય છે. હાલ મંદીના માહોલમાં દિવાળી પર્વની ઘરાકી ધીરે ધીરે ચમક પકડી રહી છે ત્યારે ધનતેરસના દિવસે અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં શહેરીજનો અને જીલ્લાના પ્રજાજનોએ શુભ મુહર્તમાં સોના-ચાંદીની ખરીદી કરવા જ્વેલર્સની દુકાનોમાં ઉમટ્યા હતા.

મોડાસાના રાધિકા જ્વેલર્સનાના માલીક ભરતભાઈ સોનીના જણાવ્યા અનુસાર અંદાજિત મોડાસામાંથી ધનતેરસના દિવસે ૫૦ લાખથી



વધુના સોના-ચાંદીના સિક્કા અને દાગીનાનું વેચાણ થયું હોવાનું જણાવ્યું હતું હાલ મંદીના માહોલમાં ઘરાકી નીકળતા સોના-ચાંદીના વેપારીઓ અને જ્વેલર્સ શો-રૂમના માલિકોમાં આનંદ છવાયો હતો.

## સારેલામાં ઝગડો કરી માર મારતા એકનું મોત

હિંમતનગર, તા. ૫

પોશીના તાલુકાના સાલેરા ગામે રહેતા એક ઈસમ સાથે ગામના જ એક શખ્સે ત્રણ દિવસ અગાઉ ઝગડો કરી માથામાં બોથડ પથાર્થ મારી ગંભીર ઈજા પહોંચાડી મારી નાખી ભાગી ગયેલા એક શખ્સ વિરૂદ્ધ રવલિવારે પોશીના પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

આ અંગે સાલેરામાં રહેતા બાબુભાઈ મકનાભાઈ ગમારે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૩ નવેમ્બરના રોજ ગામના રમજુભાઈ થાવરાભાઈ ગમાર અને ભુરાભાઈ મકનાભાઈ ગમાર વચ્ચે ગમે તે કારણસર ઝગડો થયો હતો. જેમાં રમજુભાઈ ગમારે ઉશ્કેરાઈ જઈને ભુરાભાઈ ગમારના માથાના ભાગે બોથડ પદાર્થ મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. જેથી ભુરાભાઈ ગમારનું મોત નીપજ્યુ હતુ. જોકે ઈજા પહોંચાડી રમજુભાઈ ગમાર ભાગી ગયા હતા.

## બાયલ ગામના રીટાયર્ડ સેનાના જવાનનું ધામધૂમપૂર્વક સ્વાગત કરાયું

મોડાસા, તા. ૫

મોડાસા તાલુકાના બાયલ ગામના લક્ષ્મણસિંહ લાલસિંહ પરમાર સેનામાંથી નિવૃત થઈ વતન આવતા ગામલોકોએ ઉત્સાહભેર સ્વાગત કર્યું હતું. તેઓ વતન



આવતા ફટાકડા ફોડી ડીજે સાથે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથે સમગ્ર ગામનો જમણવાર રાખવામાં આવ્યો હતો. બાયલ ગામના માજી સરપંચ પ્રજાપતિ કૌશિકકુમાર નટવરભાઈ અને ગામ લોકોએ તેમનું સ્વાગત કર્યું હતું. તેઓએ લશ્કરની ૫૦૦ બટાલિયન વિભાગમાં સુંદર કામગીરી કરી હતી. તેઓ ૨૦૦૨માં આર્મીમાં જોડાયા હતા. તેમની નોકરીનું પોસ્ટીંગ નાસિક ખાતે થયેલ. તેઓની નોકરીનું છેલ્લું સ્થળ આસામ હતું. ગામ લોકો દ્વારા તેમનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતુ.

# તહેવારો નિમિત્તે હિંમતનગરના બજારમાં ભરચક ભીડ : વેપારીઓને બખ્ખા

હિંમતનગર, તા. ૫

દિવાળીના તહેવારો શરૂ થઈ ચુક્યા છે ત્યારે વેપારીઓની અપેક્ષા મુજબ તહેવારોના બે દિવસ અગાઉ બજારમાં લોકો ખરીદવા માટે પડાપડી કરશે. જેના ભાગરૂપે રવિવારથી સાબરકાંઠા જિલ્લાના મોટાભાગના મથકોએ દીવાળીની ખરીદી માટે લોકોએ પડાપડી કરતા બજારમાં ભરચક ભીડ દેખાવા માંડી છે. હિંમતનગરમાં સોમવારે સવારથી જ ગ્રામ્ય પ્રજા ખરીદી કરવા માટે ઉમટી પડી હતી. જેના કારણે વેપારીઓને બખ્ખા થઈ ગયા છે.



દિવાળી પૂર્વે બજારમાં મંદીનો માહોલ દેખાયો હોવાને કારણે વેપારી વર્ગમાં નિરાશા વ્યાપી ગઈ હતી. પરંતુ વાઘબારસથી ગ્રાહોકએ ખરીદી કરવાનું શરૂ કરતાની સાથે જ વેપારી વર્ગ ગેલમાં આવી ગયો હતો. જોકે સરકારી અને ખાનગી ક્ષેત્રે નોકરી કરતા લોકોને પગાર તથા બોનસ હાથમાં આવતા તેઓએ તહેવારો મનાવવા માટે મોંઘવારીમાં પણ કેટલુંક બજેટ ફાળવી ખરીદી શરૂ કરી છે.

તહેવારો નીમીત્તે ખાસ કરીને હિંમતનગર તથા અન્ય ઠેકાણેથી લોકોએ રેડીમેડ કપડા, ફુટવેર તથા ફટાકડા અને મિઠાઈ-મુખવાસ પર પસંદગી ઉતારીને પોતાના બજેટ પ્રમાણે ખરીદી કરવાનું શરૂ કર્યુ છે. દરમ્યાન આ વખતે મિઠાઈના ભાવોમાં થયેલા વધારાને કારણે આ વર્ષે માવાની મિઠાઈનો ભાવ રૂ. ૭૫૦થી વધુ બોલાઈ રહ્યો છે. તેવી જ રીતે ફટાકડાના ભાવોમાં પણ થયેલા તોતિંગ વધારાને કારણે ખરીદનાર વર્ગ રૂ. ૧ હજારથી વધુના ફટાકડા ખરીદતા હોવા છતાં નાસમજ બાળકો હઠ પકડીને વધુ ફટાકડા લેવાનો આગ્રહ રાખે છે.

હિંમતનગર સહીત, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા સહીતના અન્ય સ્થળે બજારમાં ખરીદનાર વર્ગની ભારે ભીડને કારણે વાહન પાર્કિંગના પણ પ્રશ્નો ઉભા થયા છે. જેને લઈને હિંમતનગરમાં આવેલ બજાર વિસ્તારમાં રોડની બંને બાજુ વાહનોની લાંબી લાઈનોને કારણે અન્ય વાહનચાલકો તથા રાહદારીઓને પસાર થવામાં મુશ્કેલી પડી રહી છે. હજારચોકમાં નાના પાથરણાવાળાઓ માટીના દીવડા, કોડીયા તથા ધુપીયા વેચવા માટે બેસી ગયા હોવાને કારણે બજાર ગ્રાહકોના કોલાહલથી ગુંજી રહ્યું છે.



## લોધા યુવા મિત્ર મંડળ દ્વારા મિઠાઈ આપી શુભેચ્છા પાઠવાઈ

હિન્દુ સંસ્કૃતિના મોટા પર્વ દિવાળીના તહેવારોને લઈ લોકોમાં ઉમંગનો માહોલ સર્જાયો છે. ત્યારે ડીસા લોધા યુવા મિત્ર મંડળ દ્વારા પણ સમાજના લોકોને મીઠાઈનું વિતરણ કરી મોં મીઠા કરાવી દીવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી. શહેરમાં વસતા લોધા સમાજ અને મિત્ર શુભેચ્છકોના ઘરે જઈ મીઠાઈનું વિતરણ કર્યુ હતુ. જેમાં લોધા યુવા મિત્ર મંડળના અરવિંદભાઈ અસીયા, મુકેશભાઈ લોધા, રાજુભાઈ લોધા, ઉદયભાઈ લોધા સહીત મિત્રો જોડાયા હતા.

# લાંચ કેસમાં પકડાયેલા ચીફ ઓફીસર અને એન્જિનીયર ત્રણ દિવસના રીમાન્ડ પર

હિંમતનગર, તા. ૫

હિંમતનગર નગરપાલિકાના અજમાયશી ચીફ ઓફીસર તથા બાંધકામ અને ટાઉનપ્લાનિંગ વિભાગના એન્જીનીયર રવિવારથી એક કોન્ટ્રાક્ટર પાસેથી લાખો રૂપિયાની લાંચ લેતા રવિવારે અમદાવાદ ખાતે લાંચ રૂશ્વત બ્યુરો દ્વારા ગોઠવાયેલા છટકામાં રંગે હાથ ઝડપાઈ ગયા બાદ સોમવારે હિંમતનગર નગરપાલિકામાં સોંપો પડી ગયો છે. દરમ્યાન આ બંને જણાને સોમવારે અમદાવાદની કોર્ટમાં રજુ કરતા ન્યાયાધીશે બંનેના ત્રણ દિવસના રીમાન્ડ મંજુર કર્યા છે. જેથી આ બંને અધિકારીઓને દિવાળીનો તહેવાર જેલમાં જ ઉજવવો પડશે.

સુત્રોમાંથી મળતી માહિતી મુજબ બે માસ અગાઉ ખેડા જિલ્લાના મહેમદાવાદ નગરપાલિકામાંથી બદલી થઈને હિંમતનગર નગરપાલીકામાં ચીફ ઓફીસર તરીકે ફરજ બજાવતા બજાવતા હોવાથી તેઓ મોટાભાગના લોકોથી વાકેફ હતા.

દરમ્યાન ચીફ ઓફીસર આશિષભાઈ દરજીએ પાલિકાનો ચાર્જ સંભાળ્યો હતો. તો બીજી તરફ નગરપાલિકાના બાંધકામ અને ટાઉન પ્લાનિંગ વિભાગમાં વર્ષોથી એન્જીનીયર તરીકે ફરજ બજાવતા જીજ્ઞેશભાઈ ગોર વર્ષોથી ફરજ અને એન્જીનીયરની મીલીભગતને લઈને ટાઉન હોલનું રિનોવેશન કરનાર એક એજન્સીના બીલો પાસ કરીને અગાઉ નક્કી કરેલ ટકાવારીની રકમ લેવા માટે રવિવારે આ બંને જણા અમદાવાદના થલતેજ વિસ્તારમાં ગયા હતા. જ્યાં બં જણાએ રૂ. ૩ લાખથી વધુની લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા.

ત્યારબાદ આ બંને જણાની વધુ તપાસ માટે તેમના અમદાવાદ સ્થિત નિવાસની તપાસ કરવામાં આવી હોવાનું આધારભુત સુત્રોમાંથી જણાવાયુ છે. તે પૈકી ચીફ ઓફીસરના બે દિવસના તથા એન્જીનીયરના એક દિવસના એમ મળી બંને જણાના ત્રણ દિવસના રીમાન્ડ મંજુર થતા તેમને વધુ તપાસ માટે હિંમતનગર લાવવા માટેની તજવીજ હાથ ધરાઈ હતી.

ઉલ્લેખનીય છે કે ચીફ ઓફીસર તરીકે ફરજ બજાવતા આશિષભાઈ દરજીનો અજમાયશી પીરીયડ હોવાને કારણે તેઓ લાંચ કેસમાં રંગે હાથ ઝડપાઈ ગયા બાદ જો ગુનો સાબિત થશે તો તેમને સરકારી નોકરીમાંથી ઘરે બેસવુ પડે તેવી શક્યતા છે. તો બીજી તરફ પાલિકાના એન્જીનીયર કે જેઓ લાંચ કેસમાં પકડાયા છે. તેમને નગરપાલીકામાં નોકરી અપાવવા માટે તત્કાલીન એક પદાધિકારીએ પોતાની વગ વાપરીને તેમને નોકરી અપાવી હતી. જેના કારણે આ પદાધિકારી વિશે હિંમતનગરમાં અનેક ચર્ચાઓ શરૂ થઈ છે.

### વર્ગ-૪ના કર્મચારીઓની દિવાળી બગડી

પાલિકાના ચીફ ઓફીસર આશીષભાઈ દરજી લાંચ કેસમાં પકડાઈ જતા નગરપાલિકાના વર્ગ-૪ના કર્મચારીઓને મળવાપાત્ર દીવાળી બોનસના ચેક પર કોઈ જવાબદાર અધિકારી સહી કરી શકશે નહી તેથી આ કર્મચારીઓને હાલ બોનસ મળે તેવી શક્યતા દેખાતી નથી એમ આધારભુત સુત્રોમાંથી જણાવાયું છે.

### તપાસ મોડાસા અને ગાંધીનગર એસીબીને સોંપાઈ

હિંમતનગર પાલિકામાં ચીફ ઓફીસર અને એન્જીનીયર લાંચકેસમાં પકડાયા બાદ બંનેને અમદાવાદની સેશન્સ જજ કોર્ટ નં. ૬માં રજુ કરાયા બાદ તેની તપાસ મોડાસા તથા ગાંધીનગર એસીબીને સોંપાઈ છે.

### બંને કર્મચારીઓ નોકરીમાં ક્યારે જોડાયા હતા

હિંમતનગર પાલિકામાં ફરજ બજાવતા ચીફ ઓફીસર આશિષભાઈ દરજી ગત તા. ૩-૮-૨૦૧૮ના રોજ તથા એન્જીનીયર જીજ્ઞેશભાઈ ગોર તા. ૧-૪-૧૯૯થી પાલિકામાં ફરજ બજાવે છે.

## હિંમતનગરની યુવતીને સાસરીયા દ્વારા ત્રાસ અપાતા ત્રણ વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૫

હિંમતનગરના ભોલેશ્વર વિસ્તારમાં રહેતી એક યુવતીના લગ્ન સાતેક વર્ષ અગાઉ વિજયનગર તાલુકાના ચિઠોડા ગામના યુવક સાથે કરાયા બાદ આ યુવતીના ચારિત્ર્ય અંગે શંકા રાખી મારઝુડ કરી ત્રાસ અપાતા આ યુવતીએ ન છુટકે રવિવારે ત્રણ સાસરીયા વિરૂદ્ધ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# ડીસા તાલુકા પંચાયત સામે બોગસ પીટીશન રાઈટરોની ઉઘાડી લૂંટ

ડીસા, તા. ૫

ડીસા શહેરમાં આવેલ તાલુકા પંચાયત અને મામલતદાર કમ્પાઉન્ડમાં કામકાજ અર્થે આવતા અરજદારોને લુંટતા બોગસ પીટીશન રાઈટરોનો





રાફડો ફાટ્યો છે. આ બાબતે લાયસન્સધારક પીટીશન રાઈટર મંગલસિંહ ગુર્જર દ્વારા વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં અરજદારોના ખીસ્સા ખંખેરતા બોગસ પીટીશન રાઈટરોના ત્રાસનો અંત આવ્યો નથી.

આ લોકો આવક, જાતિના દાખલા કઢાવવા માટે આવતા અને અન્ય કામકાજ અર્થે આવતા અરજદારો પાસે મોટો ચાર્જ વસુલી લુંટ ચલાવે છે. જેના કારણે તંત્રના અધિકારીઓ પણ બદનામ થઈ રહ્યા છે. જોકે આ બાબતની નોંધણી ટીડીઓ પંકજ મહીડા દ્વારા ગંભીર નોંધ લઈ બોગસ પીટીશન રાઈટરોને તેમના ટેબલ ખસેડી લેવા માટે ચિમકી આપવામાં આવી છે.

## શરમ કરો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હા... ગાંધીનગરને ખબર છે કે તમારી પાસે કોઈ જવાબ નથી. તમારા નજીવા સ્વાર્થ માટે ગાંધીનગરની પ્રતિષ્ઠાને દાવ પર લગાવો છો. તમારે તમારા રાજકારણમાં જે સોગઠા ખેલવા હોય તે ખેલો... ફાવે તેટલી સોદાબાજી કરો..! ગાંધીનગરને તમારી હેસિયત પણ ખબર છે અને ગાંધીનગરને તમારી હોંશિયારીની પણ ખબર છે.

સિદ્ધાંતો અને સમજદારીના દાવા કરનારા પક્ષો અને પ્રતિનિધિઓ ખુલ્લા પડી ગયા છે એટલું જ નહિં ખોટા અને જુઠ્ઠા સાબિત થયા છે. વિચારોની લડાઈ હોઈ શકે-વર્તનની ના હોય..! આ પ્રકારના રાજકીય ભવાડાઓથી માત્ર તમારી નહીં આખા ગાંધીનગરની છબિ ખરડાય છે. હવે ખમૈયા કરો. તમારા રાજકીય હિસાબની પતાવટ જે થવી હોય તે અને જ્યારે થવી હોય ત્યારે થાય પણ હવે ગાંધીનગરને રાજકીય ભવાડાઓથી મુક્ત કરો. સત્તાપક્ષે સત્તાના જોરે કોઈનું પણ રાજકીય કે સામાજિક અહિત ના કરવું જોઈએ. અને દરેક મેયર પદની ચૂંટણીમાં વિરોધ પક્ષમાંથી પક્ષ પલટો કરાવવાની વિચિત્ર અને વિકૃત માનસિકતા તોડવી જોઈએ - બદલવી જોઈએ સાથે સાથે વિરોધ પક્ષને વિરોધ પ્રદર્શિત કરવાનો અધિકાર છે પરંતુ સરકારી મિલ્કતોની તોડફોડ કરીને, ગાળા ગાળી કે ઝપાઝપી કરવાનો અધિકાર નથી. ખુબજ ખુલ્લેઆમ વાત કહેવી પડે એટલો ગુસ્સો ગાંધીનગરના ચહેરા પર વર્તાય છે. હવે તો શરમ કરો..!!

## મેડીકલ ટીમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શરૂ થતાં મેડીકલ ટીમ તાત્કાલિક સભાગૃહમાં હોબાળાઓ વચ્ચે આવી પહોંચી હતી.

બી.પી. અને અન્ય રીતે તપાસ કરતાં તેને સભાખંડની બહાર લઈ ગયા હતા. જોડે મતદાન વખતે તે પુનઃ સભાખંડમાં આવ્યો હતો અને મતદાનમાં ભાગ લીધો હતો.

જયદેવનું બી.પી. નોર્મલ જણાયુ હતુ પરંતુ વોમિટીંગને કારણે તેને આરામ કરવો જરૂરી જણાતાં બહાર લઈ જવાયો હતો.

આ પછી કોંગ્રેસના સભ્યો આક્રમક બન્યા હતા ત્યારે પોલીસ સાથેના ઘર્ષણ દરમ્યાન કોંગીના કાઉન્સીલર જીતુ રાયકાને પગે ઈજા થતાં મેડીકલ ટીમ દોડી આવી હતી અને તાત્કાલિક પાટાપિંડી કરી સારવાર આપવામાં આવી હતી. જોકે આ પછી ચૂંટણી પ્રક્રિયામાં જીતુ રાયકાએ પ્રથમ હરોળમાં બેસી ભાગ લીધો હતો. આમ બે વખત મેડીકલ ટીમ સભાગૃહમાં દોડી આવી હતી.

## કલંકિત થયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આશિષ દવે, શહેર ભાજપના પ્રમુખ મહેન્દ્રદાસ પટેલ સહિતના આગેવાનો આ ઘટનાક્રમના સાક્ષી બન્યા હતા.

આ બેઠકમાં ઈન્ચાર્જ કમિશ્નર તરીકે જિલ્લા કલેક્ટર લાંગા પણ ઉપસ્થિત હતા. કોંગ્રેસના સભ્યોએ એવુ જણાવ્યુ હતુ કે અંકિતને સભામાં લાવો બોર્ડ ભલે તમારૂ બનાવો પણ એ કોઈનો દિકરો છે, પિતા છે, અને પતિ છે. આવા ખેલ ના ખેલાય તો સારૂ. આ આગેવાનોએ એવી રજુઆત કરી હતી કે અમે પોલીસમાં પણ રજુઆત કરી છે અને અમારા સભ્યને હાજર કરવો એ ચૂંટણી કરાવનારની ફરજ છે. અમારી આ ન્યાયિક રજુઆત સાંભળો અને ન્યાય આપો.

૯૦ મિનિટ સુધી સતત આ શાબ્દીક યુદ્ધ ચાલ્યુ હતુ. ત્યાં એકાએક ભાજપના આગેવાનો મેયરની બેઠક પાસે સૂચના આપવા જતાં કોંગ્રેસના સભ્યો આક્રમક બન્યા હતા.

આ આક્રમકતામાં બારીમાંથી કુદવાનો પ્રયાસ પણ કેટલાક સભ્યો દ્વારા કરાતાં તેમને અટકાવવામાં તંત્રને ભારે બળ વાપરવાની ફરજ પડી હતી.

એક તબક્કે મેયરે ધાંધલ ધમાલ અને સભાની ગરિમાને હાનિ પહોંચાડી રહેલ કોંગ્રેસના તમામ સભ્યોને સસ્પેન્ડ કરવાનો નિર્ણય ઘોષિત કર્યો હતો. આ સાથે આક્રમકતા કોંગી સભ્યોની વધી ગઈ હતી.

જોકે જિલ્લા પોલીસવડાની ઉપસ્થિતિમાં પોલીસને આક્રમકતા સામે બળપ્રયોગ કરવાની ફરજ પડી હતી. જે દરમ્યાન કોંગીના સભ્ય જીતુ રાયકા ઈજાગ્રસ્ત બન્યા હતા. આથી ઉશ્કેરાયેલા મહિલા સભ્યો પિન્કી પટેલને પણ બળપૂર્વક બહાર લઈ જવાતાં હિરલ જોશી અને મીનાબેન વાઘેલા સહિતના મહિલા સભ્યો પણ આક્રમક બન્યા હતા. પિન્કી પટેલને પણ થોડીક ઈજાઓ થઈ હતી.

જોકે થોડીવાર પછી બધા જ સભ્યોએ પોતાનું સ્થાન લીધુ હતુ અને પોલીસે સમગ્ર મામલો કુનેહપૂર્વક સંયમ સાથે પાર પાડવાની કામગીરી કરી હતી.

આખી ચૂંટણી પ્રક્રિયા પોલીસ બંદોબસ્ત હેઠળ સંપન્ન થતાં મેયર પ્રવિણ પટેલે આજની સભા બરખાસ્ત થયેલી જાહેર કરી હતી.

આ બેઠકમાં સર્જાયેલા દશ્યો અને રાજકીય ઉત્તેજનાનો માહોલ શહેરની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા માટે કલંકિત પુરવાર થયેલ છે.

## મત મળ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મત તો કોંગ્રેસના પિન્કીબેન પટેલને ૧૪ મત મળ્યા હતા.

આજ પ્રમાણે ડે. મેયરમાં ભાજપના નાઝાભાઈ ધાંધરને ૧૬ મત અને કોંગ્રેસના જીતુ રાયકાને ૧૪ મત મળ્યા હતા. જ્યારે સ્થાયી સમિતિમાં ૧૨ સભ્યોના જંગમાં પણ ભાજપ દ્વારા સૂચિત કરાયેલ સમિતિની તરફેણમાં ૧૬ અને વિરૂદ્ધમાં ૧૪ મત પડ્યા હતા.

આ ત્રણેય ચૂંટણી પ્રક્રિયામાં મેયરના મત સિલબંધ કવરમાં પેક કરી સમગ્ર અહેવાલ હાઈકોર્ટમાં રજુ કરાશે અને બાદમાં વિધિવત્ પરિણામ જાહેર કરવામાં આવશે.

## સચિવાલય સંકુલને.

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બારીકાઈથી નિરિક્ષણ કર્યુ હતુ. જ્યારે દિપડાની પ્રકૃતિને અનુલક્ષીને સચિવાલય નજીકના જંગલ વિસ્તાર તેમજ પુનિત વન તરફ સર્ચિંગ શરૂ કરાય હતુ. આખરે કલાકો સુધીના સર્ચિંગ ઓપરેશન બાદ દિપડો પુનિત વન પાછળના ગરનાળામાં લોકેટ થતા વનતંત્રએ બેભાન કરીને દિપડાને પાંજરામાં કેદ કર્યો હતો.

ગાંધીનગરમાં ગઈકાલે મોડીરાત્રે નવા સચિવાલયમાં દિપડો ઘુસી જતા ગઈકાલ રાતથી આજે દિવસ દરમિયાન દિપડાએ નવા સચિવાલય સંકુલને બાનમાં લીધુ હતુ. ચ માર્ગ પરથી નવા સચિવાલયના ગેટ નં-૭ માં પ્રવેશેલા દિપડાની જાણ થતા જ વન વિભાગના અધિકારીઓ સચિવાલય દોડી આવ્યા હતા. વહેલી સવારથી જ દિપડાની શોધખોળ શરૂ થઈ ગઈ હતી. દિપડાની શોધખોળ દરમિયાન ધીમે ધીમે જુદા જુદા જિલ્લામાંથી વનવિભાગની રેસ્કયુ ટીમ પણ ઘટના સ્થળે પહોંચી હતી. વનતંત્રના અધિકારીઓ સહીત ૨૦૦ થી વધુ કર્મચારીઓ દિપડાના સર્ચિંગ ઓપરેશનમાં જોડાયા હતા.સી સી ટી વીના ફુટેજનુ નિરિક્ષણ કરીને સચિવાલય સંકુલમાં અંદર બહાર ત્રણ થી ચાર વાર સઘન તપાસ કરી હતી. પરંતુ બપોર સુધી દિપડાની ભાળ ન મળતા સચિવાલય આસપાસના નદીના પટ અને જંગલ વિસ્તારમાં વનતંત્રએ શોધખોળ આરંભી હતી. આ દરમિયાન પુનિત વનથી પોલીસ ભવન તેમજ જ માર્ગ વચ્ચેના વિસ્તારમાં સર્ચિંગ કરવામાં આવ્યુ હતુ. જયારે બપોરના ૧૨ : ૩૦ કલાકના સમયગાળામાં પુનિતવન પાછળના ગરનાળામાં દિપડાને લોકેટ કરવામાં આવ્યો હતો. જયારે આ ગરનાળાની એકબાજુ ખુલ્લી હોવાથી વનતંત્ર દ્વારા દિપડાને પકડવા માટે પાંજરા અને દોરડા સહીતની વ્યવસથા ગોઠવવામાં આવી હતી. જયારે શાર્પ સુટર પણ સ્થળ પર હાજર રહ્યા હતા. પરંતુ દિપડો ત્યાંથી નાસવામાં સફળ થયો હતો. વનતંત્રને પરસેવે નિતરાવતો દિપડો પુનિતવન તરફના વિસ્તારમાં છટકી ગયો હતો. જયારે આ સ્થળેથી ફરી એકવાર દિપડાને ગરનાળા તરફ ખસેડવામાં વનતંત્રને સફળતા મળી હતી. જો કે ગરનાળુ ૨૫ થી ૩૦ મીટરનુ લાંબુ હોવાથી દિપડાને બેભાન કરીને પકડવા માટે પણ મોટી મુશ્કેલી ઉભી થઈ હતી. આખરે અનેક પ્રયાસોના અંતે દિપડાને ટ્રાન્કવીલાઈઝ કરીને પાંજરામાં કેદ કરી લેવાયો હતો. બેભાન હાલતમાં દિપડાને પાંજરામાં કેદ કરાયા બાદ વનતંત્રની ટીમ ઈન્દ્રોડા પાર્ક પહોંચી હતી. જયાં દિપડાને જરૂરી સારવાર આપવામાં આવી હતી. વનતંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ દિપડો ભાનમાં આવી ગયો છે. જયારે તેની હાલત સારી છે. સુત્રોના જણાંવ્યા મુજબ ગાંધીનગરથી નજીકના અરવલ્લી સાબરકાંઠા જંગલ વિસ્તારમાં વર્ષ ૨૦૧૬-૧૭ની દિપડાની ગણતરી પ્રમાણે અંદાજિત ૧૬ દિપડા જોવા મળ્યા હતા. જયારે છેલ્લે વર્ષ ૨૦૦૯ માં દિપડાએ દેખા દેતા તેને કેદ કરવામાં આવ્યો હતો. સવારે ૪ : ૩૦ કલાકથી વનતંત્રની ટીમના ૨૦૦ કર્મચારીઓનો સ્ટાફ ઉપરાંત પોલીસના અધિકારીઓ અને કર્મચારીઓ પણ દિપડાને જબ્બે કરવાના ઓપરેશનમાં લાગી ગયા હતા. હજુ આ વિસ્તારમાં સાવચેતીના ભાગરૂપે સ્ક્રીનીંગ કરવામાં આવશે. જયારે આમ નાગરિકોની સુરક્ષાને અનુલક્ષીને મંગળવારે પુનિત વન જાહેર જનતા માટે બંધ રાખવમાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.